**એચ.એમ.પી નં.૭/૨૦૨૫**

આંક–૧૭ લગત હુકમ

આ કામે અરજદારના વકીલશ્રીએ હાલની અરજી આંક –૧૬ ના ચુકાદામાં પેજ નં.૫ અરજદાર નં. ૨ નુ નામ આરતીબેન માથકીયાના સ્થાને માનસીબેન ડો/ઓ હિંમતભાઈ મહેતા નો સુધારો કરવા માટે આપેલ છે. સદર કામે રેકર્ડ પરની હકીકતોને ધ્યાને લેતા સદર એચ.એમ.પી નં.૭/૨૦૨૫ દાખલ થયેલ છે પરંતુ ટાઈપોગ્રાફીકલ શરતચુક ક્ષતિના કારણે આંક –૧૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ ચુકાદાના પેજ નં.૫ ના શરતચુકની ટાઈપોગ્રાફીકલ ક્ષતિ રહી જવા પામેલ છે . આમ ખરેખર અરજદાર નં. ૨ નું નામ માનસીબેન ડો/ઓ હિંમતભાઈ મહેતા હોઈ, તે સંજોગોમાં સી.પી.સી કલમ ૧૫૨ તથા ૧૫૩ વંચાણે લેતા ચુકાદો,હુકમનામુ કે હુકમમાં રહેલી કારકુની કે આંકડાકીય આકસ્મીક ભુલો અદાલત ગમે ત્યારે સુધારી શકશે. આમ "The provision of Section 152 153 is based on two important principles. First, the act of Court should prejudice no party and second, the courts have a duty to see that their records are true and that they represent correct state of affairs. Sec. 152 envisages correction of accidental slips and omissions. Accidental omission or clerical mistake can be cured at any time by the court suo motu or on application u/s. 152." અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના પ્રસ્થાપિત સીધ્ધાંત મુજબ વહીવટી ન્યાયના હેતુ માટે દરેક કોર્ટ ફોજદારી કે સીવીલ કોર્ટ પાસે સાચુ કરવા માટે અને ખોટાને દુર કરવા માટે અંતર્ગત સત્તા રહેલી છે . આ કામે હાલની અરજી મુજબ આંક –૧૬ ના ચુકાદાના પેજ નં.૫ ના અરજદાર નં. ૨ નુ નામ આરતીબેન માથકીયાના સ્થાને "માનસીબેન ડો/ઓ હિંમતભાઈ મહેતા" મુજબનો સુધારો કરવામાં આવે છે.આ મુજબનો સુધારો કરવાથી પક્ષકારના વકીલશ્રી તરફે કોઈ વાંધો નથી કે તે મુજબનો સુધારો કરવાથી પક્ષકારોને કોઈ અન્યાય કે પુર્વગ્રહ થાય તેમ નથી તે મુજબ આથી અમલ કરવામાં આવે છે સદર જજમેન્ટ અપલોડ કરવામાં આવેલ હોઈ જેથી ઉપરોકત ક્ષતિદુર કર્યા બાદનુ જજમેન્ટ અપલોડ કરવુ.

આજરોજ તા.૨૦ માર્ચ સને ૨૦૨૬ ના રોજ જાહેર ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો .

સુરેન્દ્રનગર

જે.એસ. પંચાલ
પ્રીન્સી.સીની. સીવીલ જજ
સુરેન્દ્રનગર
JUDGECODE GJ 00989